**તા.૦૧/૦૧/૨૦૨૪ થી મોંઘવારી ભથ્થાના દરમાં ૯% વધારો કરવા બાબત (છઠ્ઠા પગારપંચ સંદર્ભે)**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંક** : વલભ-૧૦૨૦૦૯-જીઓઆઈ-૧૦-ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૪/૦૭/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૨/૨૦૦૯ નો ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૦૯-૭-પે સેલ (મ)

(૩) નાણા વિભાગનો તા.૨૯/૦૨/૨૦૨૪ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઈ-૧૦-ચ

(૪) ભારત સરકારનું તા.૦૩/૦૬/૨૦૨૪ નું ઓફીસ મેમોરેન્ડમ નં. ૧/૩(૧)/૨૦૦૮/ઈ.૨(બી)

**//ઠરાવ//**

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૦૯ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભમાં દર્શાવેલ ક્રમ (૩) થી દર્શાવેલ તા.૨૯/૦૨/૨૦૨૪ ના સરકારી ઠરાવ નં. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઈ-૧૦-ચ અન્વયે મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ લાગુ પાડવામાં આવતાં નવા પગારધોરણો ઉપર તા.૦૧/૦૧/૨૦૧૬ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસારના પગારધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા.૦૧/૦૧/૨૦૨૪ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**૨.** નાણા વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના સરકારી ઠરાવ નં. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઈ-૧૦-ચ થી છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓને તા.૦૧/૦૭/૨૦૨૩ ની અસરથી ૨૩૦% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

**૩.** પુખ્ત વિચારણા બાદ, રાજ્ય સરકારે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૧/૨૦૨૪ થી નીચે મુજબ વધારો કરીને ચૂકવવાનું નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૨૪ થી** | **મૂળ પગારના ૨૩૯%** |

કર્મચારીઓના કિસ્સામાં, જુલાઈ-૨૦૨૪ માસથી ૨૩૯% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જાન્યુઆરી-૨૪ થી જુન-૨૪ માસ સુધીના કુલ-૬ માસના તફાવતની રકમ, કુલ ત્રણ હપ્તામાં નીચે મુજબ ચુકવવાની રહેશે.

**(૧)પ્રથમ હપ્તો:** (જાન્યુઆરી-૨૦૨૪ થી ફેબ્રુઆરી-૨૦૨૪) જુલાઈ માસના પગાર (પેઈડ ઈન ઓગસ્ટ)

**(૨)બીજો હપ્તો:** (માર્ચ-૨૦૨૪ થી એપ્રિલ-૨૦૨૪) ઓગસ્ટ માસના પગાર (પેઈડ ઇન સપ્ટેમ્બર)

**(૩)ત્રીજો હપ્તો:** (મે-૨૦૨૪ થી જુન-૨૦૨૪) સપ્ટેમ્બર માસના પગાર (પેઈડ ઇન ઓક્ટોબર)

રાજ્ય સરકાર હેઠળના પેન્શનરોના કિસ્સામાં, જાન્યુઆરી-૨૦૨૪ થી જુન-૨૦૨૪ સુધીના કુલ-૬ માસના સમયગાળાની મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ઉપર જણાવ્યા મુજબ હપ્તામાં ચુકવવાની રહેશે.

**૪.** આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થુ વિનિયમિત કરતી વખતે નાણા વિભાગના તા.૨૭/૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં. પીજીઆર/૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં. ૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

**૫.** એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના કુલ ૯% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા-૨૦૦૯ મુજબ તથા નાણા વિભાગ (પ.એ.) ના તા. ૨૫/૦૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૦૯/૮/પે સેલ, તા. ૦૧/૦૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૧૦/૫૧/પે સેલ, તા. ૨૨/૧૧/૨૦૧૧ ના ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૧૧/૬૭/પે સેલ તથા તા. ૧૨/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

૬. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા હોય તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ વધારો મળવાપાત્ર થશે.

૭. પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઈ.ડી.ચૌધરી)**
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ:-**

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા